<u>બંદરો અને વાહન વ્યવહાર વિભાગ</u>

<u>માંગણી ક્રમાંક. ૭૫,</u>

<u>અ.નં. ૨૮, પ્રભારી સભ્યશ્રી ઉમેશભાઈ મકવાણા</u>

કાપ દરખાસ્ત: રાજ્યનાં નાના બંદરોનો આયોજનપૂર્વક વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા

જવાબ -

- રાજ્યની બંદરનીતિ અંતર્ગત પીપાવાવ, મુન્દ્રા, હજીરા અને દહેજ જેવા ખાનગી બંદરો કાર્યરત છે. તેમજ જાફરાબાદ અને છારા ખાતે બંદરોની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ૩૫ જેટલી કેપ્ટીવ જેટીઓ અને ૧૦ જેટલી ખાનગી જેટીઓ કાર્યરત થયેલ છે.
- રાજ્યના નાના બંદરોના વિકાસ માટે દર વર્ષે પૂરતી નાણાકીય જોગવાઈ કરી બંદરો ઉપર જેટીઓ તેમજ તેને આનુસાંગિક સુવિધાઓનું બાંધકામ, યાંત્રિકીરણ, ડ્રેજીંગ, પર્યાવરણીય, સુરક્ષા અને સલામતી વિગેરેના કામો હાથ ધરવામાં આવે છે. રાજ્યના બંદરોના વિકાસ માટે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં રૂ.૨૧૯.૪૧ કરોડ તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ રૂ.૩૬૨.૫૭ કરોડનો ખર્ચ થયેલ છે. આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે પણ રૂ.૧૨૮૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.
- પરીણામે રાજ્ય સરકારના સઘન પ્રયત્નોથી છેલ્લા પાંચ વર્ષમાં કાર્ગો પરિવહન ક્ષમતા ૫૨૩ મીલીયન મેટ્રીક ટનથી વધીને ૫૯૩ મીલીયન મેટ્રીક ટન થયેલ છે.
- ઉક્ત વિગતો જોતા નાના બંદરોના આયોજનપૂર્વકના વિકાસની ગતિ સતત ચાલુ રહેલ છે.

<u>અ. નં ૨૯ પ્રભારી સભ્ય : શ્રી અમીત ચાવડા</u>

કાપ દરખાસ્ત: મેરિટાઈમ બોર્ડમાં મંજૂર મહેકમના કર્મચારીઓને ચુકવાતા પગારની સરખામણીએ આઉટસોર્સીંગના કર્મચારીઓને વધુ ચુકવાતા પગાર અંગેની ફરિયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.

જવાબ :-

- ગુજરાત મેરીટાઇમ બોર્ડના સેટઅપ મુજબની કુલ ૧૬૯૨ જગ્યાઓ માંથી માત્ર ૫૮૭ જગ્યાઓ ભરેલ છે અને ૧૧૦૫ જગ્યાઓ ખાલી છે.
- બોર્ડનું કાયમી ખર્ચનું ભારણ અને લીગલ પ્રશ્ન ઉભા ન થાય અને બોર્ડ કાર્ય સુચારુ રૂપે ચાલે તે માટે સેવા એજન્સી દ્વારા ફક્ત સેવાઓ લેવામાં આવે છે જેમાં બોર્ડ દ્વારા સેવાઓ સામે એજન્સીને ચુકવણું કરવામાં આવે છે. આ સેવાઓ બોર્ડ દ્વારા ફક્ત નિર્ધારિત સમય મર્યાદા માટે લેવામાં આવે છે.
- આઉટ સોર્સીંગ એજન્સીઓના કોઈ કર્મચારીઓને બોર્ડ દ્વારા સીધી નિમણૂક આપવામાં આવેલ નથી કે તે સ્ટાફને કોઈ સીધી ચૂકવણી કરવામાં આવતી નથી. તેથી બોર્ડ દ્વારા આવા કોઈ ચૂકવણા કર્યા હોવાનો પ્રશ્ન રહેતો નથી.

અ.નં. ૩૦, પ્રભારી સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા

કાપ દરખાસ્ત: બોટોની અવર જવરની સરળતા માટે જરૂરી ડ્રેજીંગની કામગીરી સમયસર પુર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા

જવાબ -

- ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં  ભાવનગર બંદર ખાતે ૪.૨૫ લાખ પૂર્ણ થયેલ છે. તેમજ પોરબંદર ખાતે ૧.૦૫ લાખ ઘનમીટરના ડ્રેજિંગની કામગીરી હાલ પ્રગતિમાં છે.
- આગામી વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૧.૪૫ લાખ ઘન મીટરના ડ્રેજિંગની કામગીરી માટે રૂ. ૯૩.૪૫ કરોડનુ આયોજન કરવામાં આવેલ છે.
- ડ્રેજિંગની કામગીરી અને આયોજન પૂર્વકના અમલીકરણને લીધે છેલ્લા પાંચ વર્ષમાં વાર્ષિક કાર્ગો પરિવહન ૩૭૧ મીલીયન મેટ્રીક ટનથી વધીને ૪૧૬ મીલીયન મેટ્રીક ટન થયેલ છે.
- આમ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ડ્રેજીંગ બાબતની નોધપાત્ર કામગીરી અને બંદરીય વિકાસના કામોને કારણે કાર્ગો પરિવહનમાં ઉતરોઉતર વધારો થયેલ છે.